બહુચરાજી-કાલરી રેલવે ફાટક બન્યો વાહનચાલકો માટે રોજનો 'જામ પોઈન્ટ'

બહુચરાજી-કાલરી રોડ પર ટ્રાફિક જામની સમસ્યા યથાવત્, ફાટક વાહનચાલકો માટે બન્યો 'શિરદર્દ'

માલગાડી ધીમી ગતિએ પસાર થતાં બંને તરફ ટ્રાફિકજામ થવાની રોજે રોજ સર્જાતી સમસ્યા

ટ્રેન રેલવે ફાટક પર ઉભી થઈ જતાં મંગળવારે ફરી વાહનોની મોટી લાંબી કતારો લાગી

। બહુચરાજી । (સં. ન્યૂ. સ.)

બહુચરાજી-કાલરી રોડ પર આવેલ રેલવે ફાટક સ્થાનિકો તેમજ વાહનચાલકો માટે દિવસેને દિવસે શિરદર્દ સમાન બનતો જાય છે. આ રેલવે ટ્રેક પરથી પસાર થતી માલગાડીઓ ધીમી ગતિએ પસાર થતી હોવાથી ફાટક લાંબા સમય સુધી બંધ રહે છે. ટ્રેન પસાર થયા બાદ પણ ફાટક તાત્કાલિક ન ખુલતાં રોડની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી જાય છે.આ સમસ્યા અહીં રોજિંદી બની ગઈ છે. ખાસ કરીને સવાર-સાંજના વ્યસ્ત સમયે ફાટક બંધ થવાથી વાહનચાલકોને લાંબો સમય અટવાઈ રહેવાની ફરજ પડે છે. ક્યારેક ટ્રેન ફાટકની વચ્ચે જ ટેક્નિકલ કારણોસર ઊભી રહી જતી હોવાથી સ્થિતિ વધુ ગંભીર બની જાય છે અને વાહનચાલકોને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે.

મંગળવારે પણ આવી જ સ્થિતિનું પુનરાવર્તન થયું હતું. ટ્રેન ફાટકની વચ્ચે અટવાઈ જતાં રોડની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફાટક ખુલવાની રાહ જોતા વાહનોની સંખ્યા વધતી જતાં આસપાસના માર્ગો પર પણ અવ્યવસ્થા સર્જાઈ હતી.બહુચરાજી-કાલરી માર્ગ પર વાહનવ્યવહારનું પ્રમાણ વધતું જાય છે ત્યારે રેલવે ફાટકની આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. સ્થાનિકો દ્વારા ફાટક પર ટ્રેન પસાર થયા બાદ ઝડપથી અવરજવર શરૂ થાય તેવી વ્યવસ્થા કરવા તેમજ વારંવાર સર્જાતા ટ્રાફિક જામમાંથી કાયમી રાહત મળે તે માટે યોગ્ય ઉકેલ લાવવા માંગ ઉઠી રહી છે.

રિક્ષાના પૈડાં થંભ્યા, મુસાફરો પરેશાન

બનાસકાંઠામાં સીએનજી પંપ ડીલરોની અનિશ્ચિત મુદ્દતની હડતાળ બીજા દિવસે પણ યથાવત્ । નોકરી-ધંધા માટે જતા લોકોને હાલાકી

। પાલનપુર । (સં.ન્યૂ.સ.)

બનાસકાંઠા જિલ્લા સીએનજી ડીલર એસોસિએશન દ્વારા પોતાની વિવિધ ન્યાયી અને લાંબા સમયથી પડતર માંગણીઓને લને શરૂ કરવામાં આવેલી હડતાળ બીજા દિવસે પર સંપૂર્ણપણે સફળ અને યથાવત્ રહી છે. જિલ્લાભરના તમામ સીએનજી પંપો પર વેચાણ કામગીરી ઠપ્પ કરી દેવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં સીએનજી ડીલરોની વિવિધ વ્યાજબી માંગણીઓ સંદર્ભે એસોસિએશન દ્વારા અનિશ્ચિત મુદ્દતની હડતાળ બીજા દિવસે પણ ચાલુ રહી છે. જિલ્લાના તમામ સીએનજી પંપોના માલિકોએ એકજૂટ થઈને શટર બંધ રાખ્યા છે જેના કારણે જિલ્લાભરમાં સીએનજીનું વેચાણ સંપૂર્ણપણે બંધ રહ્યું છે. ડીલરો દ્વારા લાંબા સમયથી સબંધિત કંપની સમક્ષ વિવિધ મુદ્દાઓ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ સંતોષકારક કે ન્યાયી ઉકેલ આવ્યો નથી. એસોસિએશને સ્પષ્ટ જણાવ્યું છે કે ભૂતકાળમાં માત્ર મૌખિક આશ્વાસનો જ મળ્યા છે પરંતુ આ વખતે કંપની તરફથી સ્પષ્ટ અને સત્તાવાર લેખિત ખાતરી તેમજ સકારાત્મક નિર્ણય મેળવવો અનિવાર્ય છે. નિર્ણય અંગે એસોસિએશને જણાવ્યું છે કે જ્યાં સુધી કંપની દ્વારા લેખિત બાંહેધારી નહીં આપવામાં આવે ત્યાં સુધી પંપ ચાલુ કરવામાં આવશે નહી. ડીલરોની એકતા અત્યંત મજબુત છે અને માંગણીઓનો યોગ્ય ઉકેલ ન આવે ત્યાં સુધી આ લડત અડીખમ ભાવે સતત ચાલુ રાખવામાં આવશે.

અંબાજી ખાતે યોજાનારા ભાદરવી પુનમના મહામેળામાં આ વર્ષે ૩૫ લાખથી વધુ માઈભક્તો ઉમટી પડવાની શક્યતા

માઈભક્તોની સેવા માટે ૨૦૦ કેમ્પ ધમધમશે

શુદ્ધ ભોજન-પ્રસાદ, પીવાનું પાણી, ચા-નાસ્તો, થાક ઉતારવા માટે આરામ કક્ષ, મેડિકલ કેમ્પ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવશે

। પાલનપુર । (સં.ન્યૂ.સ.)

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનારા વિશ્વપ્રસિદ્ધ ભાદરવી પુનમના મહામેળામાં આ વર્ષે ૩૫ લાખથી વધુ માઈભક્તો ઉમટી પડવાની શક્યતા છે. પદયાત્રીઓની સેવા માટે માર્ગો પર ૨૦૦થી વધુ સેવા કેમ્પો ધમધમી ઉઠશે. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આ વખતનો મેળો સંપૂર્ણ પ્લાસ્ટિક ફ્રી રાખવાનો નિર્ધાર સાથે સુરક્ષા, સ્વચ્છતા અને સેવા કેમ્પો માટેની આચારસંહિતા અમલી બનાવી તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર વિશ્વપ્રસિદ્ધ ભાદરવી પુનમના મહામેળાને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે અંબાજી તરફ જતા તમામ માર્ગો પર ભક્તિ અને સેવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ વર્ષે ૩૫ લાખથી વધુ માઈભક્તો ઉમટી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને અંબાજી મંદિર ટ્રસ્ટ, બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કડક તડકા અને કપરા માર્ગો પરથી પગપાળા આવતા લાખો પદયાત્રીઓની સુવિધા માટે અંબાજી તરફ જતા વિવિધ રસ્તાઓ પર ૨૦૦ થી વધુ સેવા કેમ્પો કાર્યરત કરવામાં આવી રહ્યા છે. આ કેમ્પોમાં પદયાત્રીઓ માટે શુદ્ધ ભોજન-પ્રસાદ, પીવાનું પાણી, ચા-નાસ્તો, થાક ઉતારવા માટે આરામ કક્ષ, મેડિકલ કેમ્પ અને જરૂરી દવાઓ જેવી તમામ પાયાની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.



એક લાખ લીટરથી વધારે દૂધ અને ૪૯,૦૦૦ લિટર છાશના વેચાણ માટે ગ્રામ પંચાયત દ્વારા ખાસ વ્યવસ્થા ઊભી કરાશે

અંબાજીમાં ભાદરવી પૂનમ મહા મેળામાં આવતા લાખો યાત્રિકો અને સંઘોની ભારે માંગને પહોંચી વળવા માટે સાત દિવસ માટે દૂધ અને દહીં ની અછત ઊભી ન થાય તે માટે નું પણ ખાસ આયોજનકરવામાં આવ્યું છે જેમાં સાત દિવસમાં ૧,૦૫,૫૦૦ લી. દૂધ અને ૪૯,૦૦૦ લી. છાશની વિતરણ વ્યવસ્થા માટે ખાસ વ્યવસ્થા કરવાનું આયોજન અંબાજી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યું છે.

સેવા કેમ્પો માટે વહીવટી તંત્ર દ્વારા માર્ગદર્શિકા જાહેર સીસીટીવી, ફાયર સેફ્ટી ફરજીયાત

ભાદરવી પુનમના મહામેળામાં આવતા લાખો યાત્રાળુઓની સુવિધા, આરોગ્ય અને સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સેવા કેમ્પો માટે વિશેષ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. તંત્ર દ્વારા તમામ કેમ્પ સંચાલકોને નિયમોનું ચુસ્તપણે પાલન કરીને ભક્તોની સેવાની સાથે યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે. જેમાં સેવા કેમ્પો મુખ્ય માર્ગની ડાબી બાજુએ રોડની કિનારીથી ઓછામાં ઓછા ૩૦ મીટર દુર અને માત્ર તંત્ર દ્વારા મંજુર કરાયેલા સ્થળોએ જ ઉભા કરી શકાશે., દરેક કેમ્પમાં સીસીટીવી કેમેરા, ફાયર સેફ્ટી સાધનો અને મહિલા યાત્રાળુઓની સુરક્ષા માટે નારી સંરક્ષણ ડેસ્ક રાખવું ફરજીયાત છે. આ ઉપરાંત કેમ્પ સંચાલકોએ પોતાના તમામ સ્વયંસેવકોની ઓળખ સહિતની સંપૂર્ણ માહિતી રાખવાની રહેશે. યાત્રાળુઓને પીરસવામાં આવતું ભોજન શુદ્ધ અને ગુણવત્તાયુક્ત હોવું જરૂરી છે. રસોડા અને કેમ્પ વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા તેમજ કચરાના યોગ્ય નિકાલ માટે ડસ્ટબિન મુકવા ફરજીયાત છે. મહામેળાને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે સેવા કેમ્પોમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ પર પૂર્ણ પ્રતિબંધ રહેશે. ધ્વનિ પ્રદુષણ અટકાવવા માટે ડીજે અને લાઉડસ્પીકર સંબંધિત સરકારી નિયમોનું પાલન કરવાનું રહેશે.

મહામેળો બનશે પ્લાસ્ટિક ફ્રી

અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પુનમના પવિત્ર મહામેળામાં આ વર્ષે આસ્થા સાથે સ્વચ્છતાનો સંગમ જોવા મળશે. દર વર્ષે દેશભરમાંથી લાખો માઈભક્તો માં અંબાના દર્શનાર્થે ઉમટી પડે છે. ત્યારે આ વખતે સમગ્ર મેળાને સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અંબાજી પંથકની સ્વચ્છતા, સુંદરતા અને પવિત્રતા જળવાઈ રહે તે હેતુથી પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તંત્ર દ્વાર હાથ ધરવામાં આવેલી સઘન ઝુંબેશ અંતર્ગત અંબાજી વિસ્તારની વિવિધ દુકાનોમાં દ્રશ્યો ચકાસીને પ્લાસ્ટિકની થેલીઓ જપ્ત કરવામાં આવી છે અને નિયમભંગ કરનાર વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી શરૂ કરાઈ છે. મેળા દરમ્યાન પદયાત્રીઓ અને ભક્તો માટે યોજાતા વિવિધ સેવાકેમ્પો માટે પણ વહીવટી તંત્ર દ્વારા કડક સુચનાઓ આપવામાં આવી છે કે કેમ્પોમાં પ્લાસ્ટિકની બોટલો, થેલીઓ, પ્લાસ્ટિકની પ્લેટ અને ગ્લાસના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.પ્લાસ્ટિકના બદલે પર્યાવરણને અનુકુળ સામગ્રીનો જ ઉપયોગ કરવાનો રહેશે. કેમ્પ સંચાલકોએ આસપાસ સ્વચ્છતા જાળવવી અને કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાનો રહેશે. મેળા દરમ્યાન સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિક મુક્ત અભિયાનનું પાલન થાય છે કે નહિં તે માટે વિશેષ સ્વચ્છતા ટીમો દ્વારા સતત મોનિટરિંગ અને નિરીક્ષણ કરાશે. વહીવટી તંત્ર દ્વારા તમામ માઈભક્તો, વેપારીઓ, સેવા કેમ્પના સંચાલકોને આ પર્યાવરણલક્ષી પહેલમાં પૂર્ણ સહયોગ આપવા અપીલ કરાઈ છે.

જિલ્લાના સંક્ષિપ્ત સમાચાર...

મહેસાણા સ્થિત માનવધર્મ આશ્રમ ખાતે નિ:શુલ્ક આયુર્વેદિક મેડિકલ કેમ્પ યોજાયો

મહેસાણા । પરમ પૂજ્ય સદગુરુ દેવ શ્રી સતપાલજી મહારાજના ૭૫મા જન્મોત્સવ નિમિત્તે મહેસાણા સ્થિત માનવ ધર્મ આશ્રમ ખાતે સત્સંગ-ભજન તેમજ નિ:શુલ્ક આયુર્વેદિક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૭ વાગ્યે આરતીથી થયો હતો. ત્યારબાદ, સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન આશ્રમના પ્રભારી મહાત્મા અશ્વિનીબાઈજી તથા મહાત્મા નીતિબાઈજીના માર્ગદર્શન હેઠળ મહારાજજીના જીવન-સંસ્મરણો અને દિવ્ય પ્રવચનોને આધારે સત્સંગ-ભજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં પ્રેમી ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિસ્તારના કોર્પોરેટર ગીતાબેન વિષ્ણુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. ગુજરાત સરકારના આયુષ્માન આરોગ્ય મંદિર (આયુષ), નાગલપુર-મહેસાણા શાખાના સૌજન્યથી આયોજિત નિ:શુલ્ક મેડિકલ કેમ્પમાં નિષ્ણાત તબીબ ડો.અમન પટેલ, હરસ-મસાના નિષ્ણાત ડો.વિજય એમ. ચૌધરી તથા ગાદી, કમર અને મણકાના નિષ્ણાત ડો.મયુર એમ. પ્રજાપતિ તેમજ યોગ શિક્ષિકા જાનવીબેન દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ૧૮૦ જેટલા ભક્તોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જ્યારે આયુર્વેદિક માહિતીના પેમ્ફલેટ સહિત કુલ ૩૮૦ જેટલા પ્રેમી ભક્તોએ કેમ્પનો લાભ લીધો હતો.

સવાલક્ષ બિલીપત્ર અનુષ્ઠાનની પૂર્ણાહુતિ પ્રસંગે હવન-પ્રસાદનું આયોજન કરાયું

મહેસાણા । પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સોમનાથ મહાદેવને અર્પણ કરવામાં આવેલા સવાલક્ષ (૧,૨૫,૦૦૦) બિલીપત્રના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે દશાંશ બિલીપત્ર હવન તથા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક ભાવના અને શ્રદ્ધાભેર યોજનારા આ પ્રસંગે ભક્તોને મહાદેવના દર્શન સાથે હવનમાં આહુતિ અર્પણ કરવાનો તથા ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

હનુમાન ટેકરી નજીક ટ્રકે અડફેટે લેતા બાઈક ચાલક ગંભીર

પાલનપુર । મુળ પાલનપુર અને હાલ અમદાવાદમાં રહેતા મિતેશભાઈ રમેશભાઈ ચૌહાણે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે નોંધાયેલ ફરીયાદમાં જણાવ્યા અનુસાર ગત તા.૧૨/૦૯/૨૦૨૬ ના રોજ સવારના સુમારે મિતેશભાઈના પિતા રમેશભાઈ પોતાના એકટીવા પર નોકરી પર જઈ રહ્યા હતા. તે દરમ્યાન હનુમાન ટેકરી સર્કલ નજીક પાછળથી પુરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલ ટ્રક નં. આરજે ૦૧ જીઈ ૯૨૫૫ ના ચાલકે એકિટવાને પાછળથી ટક્કર મારી હતી.

શ્રી રામ સેવા સમિતિ દ્વારા લાખવડ ગામમાં રક્તદાન શિબિર યોજાઈ

મહેસાણા । શ્રી રામ સેવા સમિતિ, મહેસાણા દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે દર વર્ષે ગ્રામ્ય સ્તરે યોજાતી પરંપરાગત રક્તદાન શિબિરનું હાલમાં લાખવડ ગામ ખાતે આવેલા પાટીદાર વાડીમાં આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ આવે અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લાખવડ ગામના ગ્રામજનોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૧૮ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રામ સેવા સમિતિના પ્રમુખ કે. કે. પટેલ તથા અન્ય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લાખવડના પૂર્વ સરપંચ પ્રહલાદભાઈ પટેલે પાટીદાર વાડી ખાતે તમામ જરૂરી વ્યવસ્થાઓ પૂરી પાડીને શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

સંદેશ ક્લાસિફાઈડ

[નોકરી વિષયક | ધંધાકીય | વૈવાહિક | શૌક્ષિક વિષયક | પ્રોપર્ટી | નામ બદલેલ | અન્ય]

પ્રોપર્ટી

જનરલ

વેચવાનું છે

દુકાન વેચવાની છે. ગોઝારિયા ખાતે સોમનાથ કોમ્પલેક્ષ દુકાન નં- ૧૧ ઉપર અને નીચેની વેચવાની છે. ખરીદ કરવા માંગતા ઈસમોએ ૯૪૨૬૭૪૮૬૦૫ અને ૯૩૧૬૪૫૦૦૪૫નો સંપર્ક કરવો અથવા રૂબરૂ મુલાકાત. 0040617301

વાંચકોએ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે
જુનું નામ
આશાબેન કૌશિકભાઈ ચૌધરી
નવું નામ
મિનાક્ષીબેન કૌશિકકુમાર ચૌધરી
: સરનામું :
૨૪, રામલખન સોસાયટી, ટી.બી.રોડ, મહેસાણા-૩૮૪૦૦૨, ગુજરાત

નામ બદલેલ છે
જુનુ નામ
મંજુલાબેન રમેશકુમાર પટેલ
નવુ નામ
પટેલ મંજુલાબેન રમેશભાઈ
: સરનામું :
પટેલ વાસ, ફતેપુરા, પો.પાલોદર, તા.જી.મહેસાણા-૩૮૪૨૦૫

નામ બદલેલ છે
જુનુ નામ
અમીત રમેશકુમાર પટેલ
નવુ નામ
અમીતકુમાર રમેશભાઈ પટેલ
: સરનામું :
પટેલ વાસ, ફતેપુરા, પો.પાલોદર, તા.જી.મહેસાણા-૩૮૪૦૦૨

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ મહેસાણા સબ ડિસ્ટ્રીક્ટ વિજાપુર ના મોજે ગામ મંડાલી-ખરોડની સીમના ખાતા નંબર-૬૭૭ થી ચાલતા સર્વે નંબર-૮૨૨ (જુનો સ.નં.૩૩૬/૨)જેના હે.આરે.ચો.મી.૦-૪૪-૯૨,આકાર રૂા.૧-૧૦ પૈસા વાળી ખેતી લાયક જમીન તેના રેવન્યુ રેકર્ડ મુજબના માલિક ઠાકોર વિરસંગજી અમરાજી,રહે.મંડલી(ખ), તા.વિજાપુર, જી.મહેસાણા વાળાની સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની આવેલી છે.સદરહું જમીન વેચાણ આપવાની હોઈ સદરહું જમીનનું ટાઈટલ કિલયર અને માર્કેટેબલ હોવા બાબતના પ્રમાણપત્ર વ. અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલ છે.જેથી સદરહું જમીન પર કોઈનો કોઈ પણ પ્રકારનો માલિકી, દરદાવો,અલાખો, લાગભાગ,હક્ક, હિસ્સો, હિત સંબંધ,બોજો, લીયન,ચાર્જ, ગણોત હક કે ખેડ હક્ક ઈત્યાદી કાંઈ પણ પોપાતું હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત) માં તે અંગેના તમામ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણિત નકલો સહિત અમોને રજી. એ.ડી.દ્વારા નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યા બાદ કોઈનો કોઈ પણ જાતનો વાંધો, વિરોધ કે તકરાર ચાલશે નહિ અને સદરહું જમીનનુ ટાઈટલ કિલયર સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવેશે.જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તારીખ : ૧૫-૦૯-૨૦૨૬
સ્થળ : વિજાપુર
રાકેશ આઈ. પટેલ એડવોકેટ,
મો.નં.૯૭૨૩૨ ૫૧૪૨૪ ઓફિસ:૧૫/બી,શિવાલીક પ્લાઝા,
નવી મામલતદાર કચેરી પાસે,વિજાપુર

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ઊંઝા શાખા, એપીએમસી સ્ટેશન રોડ, ઊંઝા-૩૮૪૧૭૦,જી. મહેસાણા,
ફોન નં. : (૦૨૭૬૭) ૨૫૩૭૮૪, ફેક્સ: (૦૨૭૬૭૯ ૨૫૩૭૯૦)
ઈમેલ: unjha@bankofbaroda.com

સ્થાવર અને જંગમ મિલકતોના વેચાણ માટે નોટીસ
(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬(૨) અને ૮(૬) હેઠળ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર અને જંગમ મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો /ચાર્જડ/હાઈપોથીકેટેડ કરાયેલ છે, જેનો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ **પ્રત્યક્ષ કબજો** લઇ લીધો છે, જેનું વેચાણ નીચે જણાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે", "જેમ છે" કોઈપણ આશ્રય આધાર વિનાના ધોરણે ૦૩.૧૦.૨૦૨૬** ના રોજ કરવામાં આવશે. દેવાદાર/રો/જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત/ઇ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડવૃદ્ધિની રકમ નીચે જણાવેલ છે:

ક્રમ/ લોટ નં.	દેવાદાર/રો/જામીનદાર/રો / ગીરવેદારોનું નામ અને સરનામું	મિલકતોની વિગત	કુલ બાકી રકમ	રીઝર્વ કિંમત, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ	મિલકત નીરીક્ષણનો તારીખ અને સમય
1	**મેસર્સ એલ. જી. ટ્રેડર્સ** રજિસ્ટર્ડ સરનામું: કાર્તિક સોસાયટી, કલ્યાણ સોસાયટીની પાસે, ઊંઝા - ૩૮૪૧૭૦ **શ્રી. આશિષ જુગલકિશોર ગ્રોવર (પ્રોપ્રાઈટર / જામીનદાર / ગીરવેદાર)** **સરનામું:** સત્યમ આર્કેડ, શોપ નં. એસએફ-૧૦, બીજો માળ, સત્યમ આર્કેડ, ઊંઝા-પાટણ રોડ, ઊંઝા - ૩૮૪૧૭૦ અને ૫, યમુનાનગર સોસાયટી, વિસનગર રોડ, ઊંઝા - ૩૮૪૧૭૦ **શ્રી પટેલ નરેન્દ્રકુમાર અમૃતલાલ (જામીનદાર / ગીરવેદાર)** **સરનામું:** સૂર્યનગર, જી.એલ. હાઈસ્કૂલની પાછળ, ઊંઝા - ૩૮૪૧૭૦ **શ્રી મહેન્દ્રકુમાર ગંગારામદાસ પટેલ (જામીનદાર / ગીરવેદાર)** સરનામું: ૩૨, અવિ બંગલોઝ, હાઇવે રોડ, ઊંઝા - ૩૮૪૧૭૦ **શ્રી જીજ્ઞેશકુમાર રણછોડદાસ (જામીનદાર / ગીરવેદાર)** **સરનામું:** ૧, વિનાયક બંગલોઝ, શિવશક્તિ સોસાયટીની પાછળ, વિસનગર રોડ, ડિસ્ટ્રિક્ટ ઊંઝા - ૩૮૪૧૭૦ **મિસ્ટર. નિતિનકુમાર ખેમચંદભાઈ પટેલ (જામીનદાર / ગીરવેદાર)** સરનામું: ૭, ઉમા બંગલોઝ, મુ. મક્તુપુર, આઝાદ ચોક, ઊંઝા - ૩૮૪૧૭૦	રહેણાંક મકાન તરીકે આર.એસ.નં.૧૭૯૨/પી, ટી.પી. એસ.નં. ૨, ફાઇનલ પ્લોટ નં.૫૧, પ્લોટ નં-૫ અને ૬, મ્યુનિસિપલ સેન્સસ નં-૮/૯/૮૭ યમુના નગર સોસાયટી, વિસનગરની ઉત્તર બાજુએ, ઊંઝા વિસનગર રોડ, ઊંઝા, તાલુકો-ઊંઝા, જીલ્લો-મહેસાણા ખાતે સ્થાવર મિલકતના તમામ ટુકડા અને પાર્સલ. એરિયા ક્ષેત્રફળ ૨૩૫.૨૧.૫૦ મીટર, **જે શ્રી ગ્રોવર આશિષ જુગલકિશોર (માલિક)ના નામે** છે. જેની ચતુ:સીમા નીચે મુજબ છે: **પૂર્વ :** પાછળની બાજુએ આર.એસ.નં. -૧૭૯૧, **પશ્ચિમ :** આગળની બાજુ ૨૦' પહોળો આંતરિક રોડ, **ઉત્તર :** કોમન પ્લોટ, **દક્ષિણ :** અડીને આવેલો પ્લોટ નં.૪	૧૩.૧૨.૨૦૨૩ મુજબ કુલ રૂા. ૨,૪૫,૨૩,૧૯૧.૮૦/- **(રૂપિયા બે કરોડ પીસ્તાલીસ લાખ ત્રેવીસ હજાર એકસો એકાણુ અને એંસી પૈસા પુરા)** અને તેના પર કરારી દરે વ્યાજ વત્તા ચુકવણીની તારીખ સુધીમાં કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચ.	**રીઝર્વ કિંમત :** રૂા. ૫૪,૦૧,૮૦૦,૦૦/- **ઈએમડી :** રૂા. ૫,૪૦,૧૮૦.૦૦/- **બીડ વૃદ્ધિ રકમ :** રૂા. ૨૫,૦૦૦.૦૦/-	**મિલકત નીરીક્ષણ તારીખ :** ૦૧.૧૦.૨૦૨૬ **સમય :** સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૨.૦૦ સુધી

ઈ-હરાજીની તારીખ: ૦૩.૧૦.૨૦૨૬ અને ઈ-હરાજીનો સમય : બપોરના ૨:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારાના સમયગાળા સાથે) ● કબજાનો પ્રકાર (રચનાત્મક / પ્રત્યક્ષ) : પ્રત્યક્ષ

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://www.bankofbaroda.bank.in/e-auction અને હરાજીનું ઓનલાઇન પોર્ટલ Baanknet.com માં આપેલ વેબસાઈટની લિંક જોવા વિનંતી છે. પ્રસ્તાવિત બીડર્સ અધિકૃત અધિકારી **શ્રી ધીરજ કુમાર ચીફ મેનેજર : ૮૯૮૦૦૩૯૮૬૯**નો સંપર્ક પણ કરી શકે છે. **(જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી નિયમો પ્રમાણે લાગુ પડતા જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવાપાત્ર છે.)**

સરફેસી કાયદા મુજબ દેવાદાર, જામીનદાર અને ગીરવેદારને ૧૫ દિવસની વૈધાનિક નોટીસ

આથી ઉપર જણાવેલ દેવાદાર/રોને હરાજીની તારીખ પહેલા કલમ ૧૩(૨) નોટીસમાં જણાવેલ પુરેપુરી રકમ ચુકવવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતા મિલકતની હરાજી કરવામાં આવશે/ દેવાદારો/જામીનદારો/ગીરવેદારો પાસેથી બાકી રકમ, જો કોઇ હોય તો, વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે.

તારીખ : ૧૬.૦૯.૨૦૨૬ । સ્થળ : ઊંઝા, મહેસાણા | નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા